કિંમત ત્રણ રૂપિયા

પુનર્મુદ્રણ સહિત

સર્વ અધિકારો આ ખાતાને સ્વાધીન છે

ચોથી વાર વર્ષ ૧૯૫૮
નકલ ૭૫૦

પ્રકાશક :
ગુજરાત વર્નાક્યુલર સોસાયટી [illegible] : ગુજરાત વિદ્યાસભા [illegible]
ભદ્ર [illegible] : અમદાવાદ

મુદ્રક
[illegible] પ્રિન્ટિંગ પ્રેસ,
[illegible], (સૌરાષ્ટ્ર)

શાસનસમ્રાટ
શ્રી વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટશિષ્ય
સિદ્ધાંત વાચસ્પતિ
શાસ્ત્રવિશારદ
[illegible]
શાંતમૂર્તિ
આ ચા ર્ય

શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજને

સાદર સમર્પણ

બિપિન ઝવેરી





અનુક્રમ

॥८६॥ अथश्रीदेवकी
जिवभायारोराम,चकते
॥दोहा॥श्रीनमजिताटसभा
मग ३णकीसोलजाला न
व्यजिवनेनार्था धान्याश्रम
नवात्ता १ तातिम्लाश्रीनेम
नि वुंभावएकुमार मानयि
तानिपुत्रिने लिधमजमनार
१२ वईराजसजमलिया धर
मसामसेरीनिम वेलाथला
नेमारलों भ्रमकगयहिचो
आथजीव ३ निरनरतपसा
करे बएमोधास्थागार आग
नालेईनगवननि करेश्रान
मगधार ४ नेमजिलाइसभा
सरा द्वारकानगरमिुकार
१एकदिनवेसानेपारेता वेई
रागिश्रणगार,५ १०२८ न.
जमेरै लिज ७४ विरेवसा
णिशालिक्रमवणरजि एटासि



પ્રસ્તાવના

મારા અભ્યાસનો આ નાનકડો પ્રયાસ પ્રજા સમક્ષ મૂકતાં મને ઘણો હર્ષ થાય છે.

સંપાદન માટે આ ગ્રન્થ પસંદ કરવાનાં કારણો, ગ્રન્થના પ્રારંભમાં, પ્રગટિત છે. (૧) જૈન સમાજમાં એની લોકપ્રિયતા (૨) એનું રસિક, રસમયી વસ્તુ (૩) એનો ઉપદેશ, અને ખાસ તો (૪) એની ભાષાની સહજ સાદગી, તથા તેથીયે વિશેષ, (૫) એની ભાષાકીય વિશિષ્ટતા, એની અભ્યાસક્ષમતા

સંપાદન વિદ્યાર્થીઓને અભ્યાસ કરવો સુગમ પડે તેવા દૃષ્ટિબિંદુથી કરાયું છે એટલે ટિપ્પણ પ્રસ્તાવના શબ્દાર્થોથી કેટલીક વિગતો જૈન આર્યજનોને નામસૂચી, માટે બિનજરૂરી લાગે તો દરગુજર કરે.

નીચેની વ્યક્તિઓનો હું ઘણો ઋણી છું પ્રજ્ઞા-ચક્ષુસ્વામી સૂરિજીમ સુખીના સર્વ તરફે વત્સલ મમતાથી વિપુલ અનેકવિધ સહાય કરનાર મારા પૂજ્ય પિતાશ્રી છ લા. જવેરીનો, પ્રેરણાના સ્રોત અને મુરબ્બી વડીલ શ્રી કેશવરામ કા. શાસ્ત્રીજીનો, સહાનુભૂતિ પ્રદર્શન કરવા અને શ્રીમતીની અનેક હસ્તપ્રતો પૂરી પાડવા માટે શ્રીમાન અગરચંદજી નાહટાનો, જૂનાગઢ રહેવાસી અમરચંદભાઈ અનેક પુસ્તકો પૂરાં પ્રત્યાદિ માર્ગદર્શન કરનાર જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી કુંવરજી માસ્તરનો, જૂનાગઢ શેઠ મ. પૂ. આત્મારામજી જૈન લાઈબ્રેરીના ગ્રાહક શ્રી મોતીલાલ માસ્તરને ખંભાત શ્રી વિજયનેમિસૂરીશ્વર

જ્ઞાનભંડાર અને અમદાવાદ પાંજરાપોળ જ્ઞાનશાળાની પ્રતો માટે પૂ. શ્રી વિજયોદયસૂરિ અને વિજયનંદનસૂરીશ્વરોનો, અમદાવાદ વિજયદાન સૂરિ જ્ઞાન મંદિરના ઉપયોગ દ્વારા શ્રી ચીમનલાલ ડહેલાનો અમદાવાદ ચીકુવિજયજી ઉપાશ્રય ભંડારના કાર્યવાહકોનો, બે ભાવનગરની પ્રતો માટે આત્માનંદસભા શ્રીપુણ્યવિજયજીનો અને કચ્છભુજના બે ભંડારોની પ્રતોની નકલો પૂરી પાડવા માટે પંન્યાસ શ્રી કુમુદસાગર મુનિવરનો સ્થાનકવાસી સમાજની ચોપડી પ્રતની નકલો પૂરી પાડવા માટે મુનિરાજ શ્રી પ્રકાશમુનિજીનો, વિજાપુર (ઉ ગુજરાત) શ્રી બુદ્ધિસાગરસૂરિ જૈન જ્ઞાનમંદિરની પ્રત માટે વાડીલાલ મહેન્દ્રભાઈ શાહનો, સુરતથી અપેલી પ્રતો અને અન્ય પુસ્તકો મોકલવા માટે જૈનાનંદ પુસ્તકાલયના કાર્યકર શ્રી ભાઈચંદ નગીનદાસ ઝવેરીનો, સુરતના શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડના મેનેજર શ્રી મોતીચંદ મગનભાઈ ચોકસીનો; વખતોવખત જોઈએ ત્યારે ઉપયોગી માર્ગદર્શન કરાવવા માટે પૂ. શ્રી [illegible] વિજયજીના શિષ્ય શ્રી પ્રદ્યુમ્નવિજયજીનો.

આ સર્વના સહકાર વિના આ ગ્રંથ સંપાદન જે રૂપે છે તેવું ન થયું હોત.

આ ઉપરાંત, પ્રકાશન માટે આર્થિક ઉદાર સહાય આપનાર ચોકસી જૈન શ્રીકલ્યાણ સમિતિનો હું ઘણો આભાર માનું છું.

વિદ્યાપીઠ, અમદાવાદ
૨૬-૧ ૧૯૫૮

જિતેન્દ્ર જયંતીલાલ ઝવેરી



प्राक्कथन

लोकभाषाओंमें धर्मप्रचार और साहित्यनिर्माण जैन तीर्थंकरों और मुनियों द्वारा निरंतर होता रहा है। भगवान महावीरने अर्धमागधी भाषामें जो प्रवचन दिए उन्हींका संग्रह एकादश अंग आदि आगमोंमें मिलता है। मगध और बिहारसे जैन धर्मका प्रचार जब पश्चिम और दक्षिणकी ओर हुआ तो महाराष्ट्री और शौरसेनीमें प्रचुर साहित्य निर्माण किया गया। फिर अपभ्रंश लोकभाषा बनी तो अपभ्रंशमें भी जैन विद्वानोंने छोटे बड़े अनेक ग्रंथ लिखे। अपभ्रंशसे ही उत्तर भारतकी प्राय सभी भाषाओंका उद्गम हुआ। इस कालमें श्वेताम्बर जैन धर्मका प्रचार प्रधानतया राजस्थान गुजरात सौराष्ट्रादिमें रहा और दिगंबर सम्प्रदायका अधिक प्रसार दक्षिण भारत, उत्तर व मध्य प्रदेश आदिमें रहा। इसलिए श्वेताम्बर जैन विद्वानोंकी उस समयकी लोकभाषाओंकी रचना प्राचीन राजस्थानी या गुजराती भाषामें हुई है तो दिगंबर विद्वानोंने अपभ्रंशके बाद उत्तर भारतमें हिन्दी भाषाको प्रधान रूपसे अपनाया दक्षिणमें कन्नड और तामिल को।

गुजरात अभी जिस प्रदेशका नाम है प्राचीन कालमें वह लाट आदि प्रदेशके नामसे उल्लेखित मिलता है और राजस्थानका श्रीमाल

सौराष्ट्र आदिका प्रदेश गुजरातके नामसे प्रख्यात था। इन दोनों प्रदेशोंमें जैन मुनियोंका तो निरन्तर विहार होता ही था पर वैसे भी रहनसहन रीतिरिवाजोंमें विशेष भिन्नता नहीं थी। इसलिए करीब १६वीं शताब्दी तक राजस्थान व गुजरात–सौराष्ट्रकी एक ही लोकभाषा थी। १६वीं शताब्दिसे इन दोनों प्रान्तोंकी भाषाओंमें भेद कुछ विशेष स्पष्ट होने लगा। अतः इससे पूर्ववर्ती रचनाओंकी भाषाको राजस्थान के विद्वान पुरानी राजस्थानी और गुजरातके विद्वान पुरानी गुजराती बतलाते हैं। वास्तवमें नाम कुछ भी हो भाषा एक ही थी।

जैन मुनियोंका जीवन बहुत संयमित था और अपने बचे हुए समयका उपयोग वे अध्ययन लेखन और साहित्यनिर्माणमें किया करते थे। इसलिए उनकी रचनाएं प्रत्येक शताब्दीके प्रत्येक चरणकी मिल जाती है। जैन ज्ञानभंडार सुरक्षित भी अधिक रहे और नये नये स्थापित किए जाते रहे। इसलिए १३वीं शताब्दीसे आधुनिक राजस्थानीमें जो रचनाएं की गई वे भी आज जैन भण्डारमें सुरक्षित हैं जबकि जैनेतर लोकभाषाकी रचनाएं १५वीं शताब्दीके पहलेकी प्रायः नहीं मिलती। कुछ फुटकर पद्य मिलते हैं वे भी जैन ग्रन्थोंमें ही। प्रत्येक शताब्दीके प्रत्येक चरणकी रचना प्राप्त होनेके कारण भाषाके विकासका अनुसन्धान करनेमें इन जैन रचनाओंका बड़ा महत्व है। इनकी प्रायः समकालीन (रचनाकालीन) व म है क्योंकि समयकी लिखी हुई प्रतियाँ भी मिल जाती है जबकि जैनेतर रचनाओंकी प्रतियाँ इतनी प्राचीन व अधिक मात्रामें नहीं मिलती। फिर भी गर्वका विषय है कि प्राचीनतर राजस्थानी या जूनी गुजराती जैन साहित्यका समावेश

मूल्यांकन नहीं हो पाता है। गुजराती साहित्य और राजस्थानी साहित्यके इतिहासग्रन्थोंमें इतिहासलेखकोंको जबकि जैनेतर साहित्य नहीं मिलता तो बाध्य होकर कुछ जैन रचनाओंका उल्लेख करना पड़ा है पर वहाँसे अनतर कवियोंके ग्रन्थ मिलने लगे वहाँसे जैन साहित्यकी उपेक्षा नजर आती है जबकि अनेकों जैन कवियोंकी रचनाएँ बहुत उच्च कोटिकी व उल्लेखनीय है।

गुजरातकी कुछ संस्थाओं द्वारा प्राचीन गुजराती-राजस्थानी रचनाओंका प्रकाशन अच्छे परिमाणमें हुआ है। सन १९२० में प्राचीन गुर्जर काव्य संग्रह और अभी प्राचीन फागुसंग्रह' 'गुर्जर रासावली' गायकवाड़ सिरिज़से प्रकाशित हुए हैं। और मुनि श्री जिनविजय जी सम्पादित 'जैन ऐतिहासिक गूर्जर काव्यसंचय' श्री विजय धर्मसूरि सम्पादित 'जैन ऐतिहासिक रासमाला' हमारे सम्पादित 'ऐतिहासिक जैन काव्यसंग्रह' इस पुस्तकके सम्पादक डॉ॰ विपिन झवेरीके पूज्य स्वामित्व देवचंद लालभाई जैन पुस्तकोद्धार फंडसे 'आनंदकाव्य महोदधि' के आठ भाग, भीमसी माणक आदिसे प्रकाशित अनेकों जैन रास-इस तरह अनेक जैन रास फागु चौपाइ विवाहलु आदि काव्य प्रकाशित हो चुके हैं। पर उनका काव्यकी दृष्टिसे अध्ययन करके मूल्यांकन प्राय नहीं हुआ। आवश्यकता है इस विशाल प्राचीन जैन भाषासाहित्य के सांगोपांग अध्ययन द्वारा प्रस्तुत राजस्थानी और गुजराती जन साहित्यके इतिहासके प्रकाशनकी।

महापुरुषोंके जीवनचरित्रको प्रकाशित करनेवाले रास-चौपाइ

जैन काव्योंकी परंपरा आठवीं शतीसे निरंतर चल रही है। इनमें वर्णित कथाओं और चरित्रों द्वारा नैतिक एवं धार्मिक प्रेरणा मिलनेके साथ साथ इनमें भाषाविज्ञानकी भी महत्त्वपूर्ण सामग्री होनेसे उन रचनाओंका बड़ा महत्त्व है। मूल रूपमें और कथासारके साथ तो इन रचनाओंका प्रकाशन काफी हुआ है, पर शब्दकोश आवश्यक टिप्पणियाँ आदिके साथ इनका संपादन उतना अधिक नहीं हुआ। डॉ० भोगीलाल सांडेसरा अब इस ओर प्रयत्नशील हैं। उनके संपादित प्राचीन फागु संग्रह आदिमें शब्दकोश भी दिया गया है। डॉ० बिपिन झवेरी द्वारा संपादित “देवकीजी छ भायारो रास” इस दिशामें उल्लेखनीय प्रयत्न है। १५ पृष्ठके इस छोटेसे रासकी टिप्पणियाँ और शब्दकोश ५५ पृष्ठोंमें, और प्रवेशक ६२ पृष्ठमें लिखा जाना स्वयं इसका प्रमाण है। उन्होंने इस छोटेसे रास–सम्पादनमें बहुत बड़ा श्रम किया है। साहित्यके विद्यार्थियोंके लिए काफी जानकारी प्रस्तुत की है। इस तरहसे उनके सम्पादित यह ग्रन्थ संपादनका आदर्श सामने रखता है। रासमे सम्बन्धित सभी आवश्यक बातें उन्होंने इसमें प्रस्तुत कर दी हैं। अपने प्रयत्नमें श्री झवेरी बहुत सफल हुए हैं और भविष्यमें उनसे बहुत आशाएँ की जा सकती हैं। यह रास साम्प्रदायिक दृष्टिसे इतना महत्त्व पूर्ण नहीं और छोटासा ही है। भविष्यमें किसी विशिष्ट जैन रचनाको भी इसी तरह सुसंपादित करें तो बहुत ही उपयोगी कार्य होगा।

बीकानेर
[illegible] २ १४

अगरचंद नाहटा

દેવકીજી છ બાયારો રાસ

પ્રવેશક

સૌરાષ્ટ્ર અને પશ્ચિમસાગરના સંધિસ્થાન પર આવેલી મહાન નગરી દ્વારિકા અનેક કાવ્યપ્રસંગોની જનની છે અને એના પર ને એનાં પાત્રો પર પ્રાચીન કાળથી માંડીને આજ સુધી અનેક ઉત્તમ ગ્રંથો લખાયેલા છે. પ્રસ્તુત જૈન ગ્રંથ પણ કૃષ્ણની સાથે દ્વારિકા આવી વસેલાં દેવકીજીનું કરુણ કથન સુંદર રીતે આલેખે છે.

૧ ગ્રંથનાં મૂળ સાધનો

ભારતવર્ષમાં જૈનોએ પણ રામાયણ, મહાભારત, હરિવંશ પુરાણ ઇત્યાદિ ગ્રંથો રચેલા છે.

જૈનોના સૌથી જૂના ઉપલબ્ધ ગ્રંથ અગિયાર આગમો છે. સર્વ પૂર્વગામી તીર્થંકરોની જેમ વર્તમાન ચોવીસીના તીર્થંકર શ્રી મહાવીરસ્વામીએ પોતાના ગણધરો–મુનિઓ–શ્રમણ શિષ્યોને બોધ કર્યો કે પ્રત્યેક પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને સનાતન છે. આને આધારે સુધર્માસ્વામી આદિ અગિયાર ગણધરોએ વિસ્તૃત દ્વાદશ અંગો રચ્યાં, જેમાંનું અંતિમ આજે ઉપલબ્ધ નથી. આ અંગો મુખપરંપરાએ જાળવી રખાયાં. વિક્રમની બીજી સદીના પ્રારંભમાં બારવર્ષી દુકાળ પડ્યો, અને પૌષ્ટિક અન્નનો અભાવ, ભિક્ષા મેળવવાની હાડમારી ઇત્યાદિ કારણે સાધુઓની સ્મૃતિનો મૂળ હ્રાસ થયો. આથી વિ. સં. ૫૧૦ અથવા ૫૨૩માં શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની નિશ્રા (પ્રમુખપદ) હેઠળ વલ્લભીપુરમાં સાધુઓની એક વિશાળ પરિષદ મળી, અને એણે સૌની સ્મૃતિ એકત્ર કરીને આ સૌ આગમોને ગ્રંથસ્થ [illegible] કર્યાં.

હિંદુઓ વેદને જેટલું મહત્ત્વ આપે છે એટલું જૈનો આ આગમોને આપે છે. કેટલાક સ્થાનકવાસી મુનિઓ તે ત્યાં સુધી અનુગામી માનવરચિત કૃતિઓમાં પ્રમાણભૂત કોઈ હોય એવી મનાતી [illegible] અને સૌ ફક્ત માત્ર આગમરૂપી મૂળસૂત્રોને જ આધારરૂપ માને છે.

ને આ. ૧

આ ગ્રંથમાં આવેલી કથા મૂળ અંતગડદસાઓ (અંતકૃત્ દશાંગ સૂત્ર) નામના આગમમાં જોવા મળે છે. અંતકૃત્દશાંગ એટલે કેવળજ્ઞાન પામ્યા પછી અંતર્મુહૂર્તમાં (તત્કાળ તરત જ) મોક્ષે જનાર મહાપુરુષોની કથાઓ. દેવકીના ૭ (વસ્તુતઃ સાત) બાળ (પુત્રો) પણ એ જ રીતે મોક્ષે ગયા હોવાથી એની કથા અંતગડમાં સ્થાન પામી છે. અંતગડના મૂળ આખું ભાષાંતર અહીં ઉતાર્યું છે.

૧ અંતગડદસાઓ (અંતકૃતદશા)

ઉપદેશ મહાવીરસ્વામી

રચનાર સુધર્મસ્વામી

પ્રકરણ દેવર્દ્ધિગણિ વિ. સં. ૫૧ અર્ધમાગધી.

હે જમ્બૂ! તે કાળે તે સમયે ભદ્દિલપુર નામે નગર હતું. તે નગર ઉત્તમ નગરોના સર્વે ગુણોથી યુક્ત હતું. તે નગરમાં ઊંચાં ઊંચાં વિશાળ ભવન હતાં. ત્યાં સ્વચક્ર પરચક્ર અર્થાત્ અંદરના તથા બહારના શત્રુઓનો ભય બિલકુલ ન હતો. અને તે ધનધાન્યથી સભર પરિપૂર્ણ હતું. તે ભદ્દિલપુર નગરની બહાર ઈશાનખૂણામાં ઉદ્યાનના સર્વે ગુણોથી પરિપૂર્ણ શ્રીવન નામે ઉદ્યાન હતું. તે નગરમાં જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે ભદ્દિલપુરમાં નાગ નામે એક ધનિક ગાથાપતિ રહેતો હતો. તેની પત્નીનું નામ સુલસા હતું. જે ઘણું જ સુરૂપ હતી. તે નાગ ગાથાપતિને સુલસાથી એક અનીયસેન નામે પુત્ર ઉત્પન્ન થયો, જેનાં હાથપગ આદિ અંગ અત્યંત કોમળ હતાં જે અત્યંત સુંદર હતો. જે ક્ષીરધાત્રી, મજ્જનધાત્રી, મંડનધાત્રી, ક્રીડનધાત્રી અને અંકધાત્રી એ પાંચ પ્રકારની ધાઈ માતાઓથી દેખરેખની હેઠે સદા પ્રતિપાલિત થઈ પર્વત ગુફામાં લીન મનોહર ચંપકલતાની જેમ સુખથી વધવા લાગ્યો.

ત્યાર બાદ આઠ વરસથી અધિક ઉંમર થયા પછી અનીયસેન કુમારને માતાપિતાએ કલાચાર્યની પાસે કલાઓનું અધ્યયન કરવા માટે મોકલ્યો.

પછી તે બાળક યુવાવસ્થા પ્રાપ્ત કરી બધી કળાઓમાં પારંગત બન્યો.

તે અણીયસસેન કુમારને યુવાવસ્થાથી યુક્ત જોઈ ને માતાપિતાએ સમાનવય, સમાનત્વચા, સમાનલાવણ્ય રૂપ યૌવન અને સુશીલતા આદિ ગુણોથી યુક્ત એવાં જ કુળમાંથી લાવેલી ઇભ્ય શ્રેષ્ઠિઓની વિવાહયોગ્ય બત્રીસ કન્યાઓની સાથે એક દિવસ તેનાં લગ્ન કરી દીધાં.

લગ્ન પછી નાગ ગાથાપતિએ સોનું મણિમુક્તા આદિથી યુક્ત બત્રીસ બત્રીસ કરોડનું અણીયસસેન કુમારને માટે પ્રીતિદાન આપ્યું, જેમ મહાબલને માટે તેના પિતાએ આપ્યું હતું તેમ. અણીયસસેન કુમાર પણ મહાબલની પેઠે મહેલના ઉપરના ભાગમાં દમેશાં બજતા રહેતાં મૃદંગાદારા પૂર્વ–પુણ્ય–ઉપાર્જિત મનુષ્ય સંબંધી ભોગ ભોગવતો રહેતો હતો.

તે કાળે તે સમયે અરહત અરિષ્ટનેમિ ભદ્દિલપુરના શ્રીવન નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં શાસ્ત્રોક્ત વિધિથી અવગ્રહ લઈને વિચરવા લાગ્યા. જનસમુદાય ધર્મ કથા સાંભળવા પોતપોતાને ઘેરથી નીકળ્યા. અણીયસસેન કુમાર પણ મનુષ્યોનો મેળો જોવાદેખ સાંભળીને ગૌતમકુમારની પેઠે ઘેરથી નીકળી ભગવાનની પાસે ગયો ધર્મ સાંભળ્યો, અને પછી અનગાર થઈ ગયા. વિશેષ માત્ર એટલું છે કે ગૌતમ અનગાર સામાયિક આદિ અગિયાર અંગ ભણ્યા તથા બાર વર્ષ સંયમ પાળ્યો. જ્યારે તેમણે સામાયિક આદિ ચૌદ પૂર્વોનું અધ્યયન કર્યું અને વીસ વર્ષ સુધી સંયમપર્યાય પાળ્યો. બાર પછી શત્રુંજય પર્વતનું આરોહણ કર્યું. માસિક સંલેખના દ્વારા મોક્ષને પ્રાપ્ત થયા. બાકી બધું ચરિત્ર ગૌતમના જેવું છે.

હે જંબૂ! શ્રમણ ભગવાન મહાવીરે અન્તકૃદ્દશા નામના આઠમા અંગના તૃતીયવર્ગ ના પ્રથમ અધ્યયનમાં અણીયસસેન કુમારના મોક્ષપ્રાપ્ત સુધીનું ઉક્ત પ્રકારે વર્ણન કર્યું છે.

જેવું અણીયસસેન કુમારનું અધ્યયન છે તેવા જ પ્રકારનાં

અનંતસેન, અજિતસેન, અનિહતરિપુ, દેવસેન, શત્રુસેન નામના અધ્યયનોનું વર્ણન અહીં લેવું જોઈએ.

આ છએ અધ્યયન [illegible] પાઠમાં છે. તેમના માતપિતા એક જ હતાં. બત્રીસ બત્રીસ કોટિ સોનૈયા તથા બત્રીસ બત્રીસ મણિ મુક્તા આદિ વિવાહના ઉપહારમાં આ બધાંને મળ્યાં. વીસ વરસ દીક્ષા પર્યાય પાળ્યો. ચૌદ પૂર્વનું અધ્યયન કર્યું. શત્રુંજય પર્વત પર આરોહણ કરી માસિક સંલેખના દ્વારા સિદ્ધ થયા.

× × ×

હે જમ્બૂ! તે કાળે તે સમયે દ્વારવતી નામે એક નગરી હતી. ત્યાં ભ૦ અરિષ્ટનેમિનાથ ધર્મોપદેશ કરવા માટે આવ્યા. તેનું વર્ણન પ્રથમ વર્ગના જેવું સમજવું જોઈએ. તે કાળે તે સમયે જ ભગવાન અરિષ્ટનેમિના અન્તેવાસી (શિષ્ય) છ અણગાર, જે સગા ભાઈઓ હતા તથા વયમાં સમાન હતા જેમની શરીરકાન્તિ નીલકમલ તથા ભેંસના શીંગડાના અંતર્ગત ભાગ અળસીના પુષ્પના જેવી હતી, તથા જેમનું વક્ષસ્થલ શ્રીવત્સ નામના ચિહ્ન વિશેષથી અંકિત હતું, જેમના કેશના જેવા પ્રસન્ન ને કુસુમની જેમ [illegible] સુંદર દેખાતા હતા, શીલ આદિ ગુણોથી જે નલકૂબરના જેવા હતા. તે છએ અણગારે જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે તેમણે ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રકારે પૂછ્યું —

હે ભદન્ત! અમે આપની આજ્ઞા મેળવી આજથી જીવન પર્યન્ત (યાવજ્જીવન) નિરંતર છઠ છઠ્ઠ તપસ્યા દ્વારા અમારા પોતાના આત્માને ભાવિત કરતા વિચરવાની ઇચ્છા કરીએ છીએ. એવું સાંભળીને તે અણગારોને કહ્યું:- હે દેવાનુપ્રિય! તમારી રુચિ અનુસાર જેમ સુખ થાય તેમ કરો પ્રમાદ ન કરો. ત્યાર પછી તે છએ અણગાર ભ૦ અરિષ્ટનેમિની આજ્ઞા લઈ યાવત્ છઠ છઠ્ઠ તપ દ્વારા પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા.

ત્યારપછી એક સમય છઠના પારણામાં તે છએ અણગારો

પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય કરી ગૌતમસ્વામીની પેઠે ભગવાનની પાસે આવ્યા અને સવિનય કહ્યું કે—હે ભદન્ત ! આપની આજ્ઞા થઈ ત્રણ સંઘાડાઓમાં વિભક્ત થઈ મુનિઓના કલ્પાનુસાર સામુદાનિક ભિક્ષા માટે અમે દ્વારિકામાં જવાની ઇચ્છા કરીએ છીએ. તે છએ અનગારોની એવી પ્રાર્થના સાંભળી ભગવાને કહ્યું, હે દેવાનુપ્રિય ! જેમ સુખ થાય તેમ કરો. ભગવાન અરિષ્ટનેમિ પાસેથી એ પ્રકારે આજ્ઞા મેળવીને તે અનગારો વન્દન નમસ્કાર કરી સહસ્રામ્રવનની બહાર નીકળ્યા અને ત્રણ સંઘાડા બનાવીને અત્વરિત ગતિ [ધારવું જલદી થાય એવી ત્વરા રહિત] અચપલતા [ચપલતાથી ચાલવું તે] રહિત અસંભ્રાન્ત ચિત્તમાં અસંભ્રાન્તિપૂર્વક ભિક્ષા મળશે કે નહિ અગર મળશે તો ક્યારે મળશે એવા વિચારરહિત ભિક્ષાને માટે વિચરવા લાગ્યા.

તેમાંના બે મુનિઓનો એક સંઘાડો દ્વારકા નગરીનાં ઉચ્ચનીચ-મધ્યમ કુળમાં સામુદાનિક ભિક્ષા માટે ફરતો ફરતો રાજા વસુદેવ તથા રાણી દેવકીને ઘેર પહોંચ્યો. તે સંઘાડા [તે બે મુનિઓ]ને આવતો આવતો જોઈ દેવકી મહારાણી આસનથી ઊઠી અને સાત આઠ પગલાં તેમની સામે ગઈ તે બે અનગારોના અકસ્માત આગમનથી હર્ષિત થઈ મનમાં બોલી—ધન્ય છું કે મારે ઘેર અનગાર આવ્યા આ હેતુથી સંતુષ્ટચિત્ત થવાથી તે બહુ આનંદિત થઈ મુનિઓના પધારવાથી તેના અંતઃકરણમાં અપૂર્વ પ્રેમ પ્રગટ્યો મન અત્યંત પ્રસન્ન થયું તથા તેનું હૃદય હર્ષના અતિરેકથી વિકસવા લાગ્યું અર્થાત્ બહુ જ આનંદિત થઈ, અને વિધિપૂર્વક વન્દના કરી તથા બંને મુનિઓને વિનંતી કરી રસોડામાં ગઈ ગઈ અને સિંહકેસરી મોદક [એક જાતની મગ મુગ્ગ, કેસરમિશ્રિત મોદકારને મગતા]થી થાળ ભરીને લાવી અને તે અનગારોને પ્રતિલાભિત કરી (વહોરાવી)ને વિનયથી વિસર્જન કર્યા.

ત્યારબાદ બીજો સંઘાડો પણ ઉચ્ચનીચમધ્યમ કુળોમાં ફરતો ફરતો દેવકીને ઘેર આવ્યો. દેવકીરાણીએ એને એ જ પ્રમાણે પ્રતિલાભિત કરી વિસર્જન કર્યો. પછી ત્રીજો સંઘાડો પણ એવી રીતે આવ્યો. દેવકી

પછીથી તેને પણ એવા જ કાળમાનથી [illegible ?] નિવર્તીને પૂછ્યું— હે દેવાનુપ્રિય ! કૃષ્ણ વાસુદેવ જેવા મહારાજાની રાજ્યની નવ યોજન પહોળી અને બાર યોજન લાંબી સ્વર્ગલોક જેવી આ દ્વારકા નગરીમાં ઉચ્ચ નીચ ને મધ્યમ કુળોમાં સામુદાનિક ભિક્ષા માટે ફરતા શ્રમણ નિર્ગ્રંથોને શું આહાર પાણી મળતું નથી કે જેથી એક જ કુળમાં વારંવાર આવવું પડે છે ?

દેવકીનો આવો પ્રશ્ન સાંભળીને તે અણગાર બોલ્યા — હે દેવાનુપ્રિયે ! કૃષ્ણ વાસુદેવની સ્વર્ગ જેવી આ દ્વારકા નગરીમાં શ્રમણ નિર્ગ્રંથોને આહાર પાણી મળતું નથી તથા તેઓ એક ઘરમાં વારંવાર ભિક્ષા માટે આવે છે એવી વાત નથી. પરંતુ હે દેવાનુપ્રિયે ! અમારા એક સરખા રૂપ આકૃતિ જોઈને તારા મનમાં શંકા થઈ છે (સમજ ફરક થઈ છે ?) અમે છએ ભદ્દિલપુર-નિવાસી નાગ ગાથાપતિના પુત્ર અને સુલસાના અંગજાત, રૂપ લાવણ્ય આદિથી સરખા તથા નળકૂબરના જેવા સુંદર છ સહોદર ભાઈઓ છીએ. અમોએ ભગવાન અરિષ્ટનેમિની પાસે ધર્મ સાંભળી સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ જન્મ મરણથી છૂટવા માટે પ્રવ્રજ્યા [દીક્ષા] ગ્રહણ કરી.

અમોએ જે દિવસે અમે દીક્ષા લીધી તે જ દિવસથી ભગવાનની આજ્ઞા પ્રાપ્ત કરી આ જીવનપર્યંત પારણું કરવાની પ્રતિજ્ઞા લીધી. અને તે જ પ્રમાણે છઠ્ઠને પારણું કરીએ છીએ. આજે અમારે બધાઓને છઠ્ઠનું પારણું છે. તેથી અમો પહેલા પ્રહરમાં સ્વાધ્યાય કરીને બીજા પ્રહરમાં ધ્યાન ધરીને અને ત્રીજા પ્રહરમાં ભગવાનની આજ્ઞા લઈ ત્રણ સંઘાડાથી નીકળ્યા છીએ, ઉચ્ચ નીચ મધ્યમ કુળોમાં સામુદાનિક ભિક્ષા માટે ફરતા ફરતા તમારે ઘેર આવ્યા. માટે હે દેવાનુપ્રિયે ! જે અણગાર પહેલાં આવ્યા તે હું નહીં, પહેલાં આવ્યા તે જુદા અને અમે જુદા છીએ. આ પ્રકારે દેવકીદેવીના મનની શંકા દૂર કરીને તે સંઘાડો પોતાને સ્થાને ગયો.

તે અણગારો ગયા પછી તે દેવકીદેવીના આત્મામાં એવો માનસિક વિચાર ઉત્પન્ન થયો કે જ્યારે હું નાની હતી તે સમયે

પોલાસપુર નગરમાં અતિમુક્તક (એવન્તા) અનગારે મને કહ્યું હતું કે હે દેવકી! તું આઠ પુત્રોને જન્મ આપીશ. તારા એ આઠે પુત્રો આકાર વય તથા કાન્તિ આદિમાં સમાન હશે તથા તે નલકુબેરના જેવા સુંદર હશે. આ ભારતવર્ષમાં બીજી કોઈ માતા એવા સુંદર પુત્રોને જન્મ આપી શકશે નહિ પરંતુ અતિમુક્તક અનગાર (એવન્તા અનગાર)નાં આ બધાં કથન અસત્ય થયાં કેમકે આ પ્રત્યક્ષ જોવામાં આવે છે કે આ ભરતક્ષેત્રમાં બીજી માતાઓએ પણ આવા પ્રકારના પુત્રોને જન્મ આપ્યો છે આ જોઈને મારા મનમાં શંકા થઈ કેમકે અતિમુક્તક અનગારનાં વચન અસત્ય હોઈ શકે નહિ છતાં અસત્ય જેવું દેખાઈ રહ્યું છે માટે મને ઉચિત છે કે ભગવાન અર્હત્ અરિષ્ટનેમિની પાસે જાઉં અને તેમને વન્દન નમસ્કાર કરી તથા તેમને પૂછી મારા આ સંદેહની નિવૃત્તિ કરું તે દેવકી એવા વિચારો મનમાં કરે છે અને પછી પોતાના ભૃત્યો (સેવકો) ને બોલાવે છે તથા તેમને કહે છે કે —હે દેવાનુપ્રિય! ધાર્મિક રથ તૈયાર કરો તથા રથ જોડાવવામાં ચતુર સારથીની સાથે રથને મારી પાસે લઈ આવો દેવકીની એવી આજ્ઞા સાંભળીને તે ભૃત્ય (સેવક) પણ ચતુર સારથીથી યુક્ત ધાર્મિક રથને લઈ આવી દેવકીની સામે ઉપસ્થિત કરે છે

ત્યારપછી તે દેવકી જે પ્રકારે મહાવીરસ્વામીની માતા દેવાનન્દા ભગવાન સમીપે રથ પર ચઢીને દર્શન કરવા માટે ગઈ હતી તથા વન્દના અને નમસ્કાર કરી ઉપાસના કરવા લાગી હતી તે પ્રકારે રથ ઉપર બેસીને અર્હત્ અરિષ્ટનેમિ પાસે દર્શન કરવા માટે ગઈ અને વન્દન નમસ્કાર કરીને ભગવાનની નિરવદ્ય સેવા કરવા લાગી.

ત્યાર ભગવાન અર્હત્ અરિષ્ટનેમિએ દેવકીદેવીને આ પ્રકારે કહ્યું કે દેવકી! આજે આ છ અનગારોને જોઈને તારા હૃદયમાં આ પ્રકાર વિસ્મય પેદા થયો કે મને પોલાસપુર નગરમાં અતિમુક્તક (એવન્તા) અનગારે આ પ્રકારે કહ્યું હતું—" કે દેવકી! તું આકાર, વય અને કાન્તિ આદિથી સરખા એવા નલકુબેરના જેવા સુંદર આઠ

પુત્રોને જન્મ આપશે એવા પુત્રોની માતા આ ભરતક્ષેત્રમાં બીજી કોઈ છે નહિ." પરંતુ બીજી માતાએ પણ ભદ્દિલપુરે કહેલાં લક્ષણવાળા પુત્રોને જન્મ આપ્યો છે. ભદ્દિલપુર નગરની બાબત ભગવન્ તેમ બન્યું ? આ પ્રશ્નને અંગે હરિણૈગમેષીની ચાલી ગઈ છે કરીને એમ મનમાં વિચારીને સ્વયં આવીને પોતાને વિશેષી નીકળી પાસે તે આવી છે તેમ દેવકીજી! આ વાત બરાબર છે ?

હા ભગવાન! આપ સર્વજ્ઞ છો, સર્વ કોઈ જાણો છો, આપે જે કહ્યું છે તે બધું સત્ય છે.

ભગવાને કહ્યું—હે દેવાનુપ્રિયે! મારું સમાધાન સાંભળ.—તે કાળે તે સમયે ભદ્દિલપુર નામે નગર હતું. તે નગરમાં ધનધાન્ય આદિથી સંપન્ન નાગ નામે ગાથાપતિ રહેતો હતો. તે નાગ ગાથાપતિની પત્નીનું નામ સુલસા હતું. તે સુલસા ગાથાપત્ની જ્યારે બાલ્યાવસ્થામાં હતી તે સમયે ભવિષ્યવાદી નૈમિત્તિક તેના વિષયને ભાખ કહ્યું હતું કે—આ બાલિકા મૃતવન્ધ્યા થશે. ત્યાર પછી તે સુલસા પોતાના બાલ્યકાળથી જ હરિણૈગમેષી દેવતાની ભક્ત બની ગઈ. તેણે હરિણૈગમેષી દેવની પ્રતિમા બનાવી. પછી પ્રાતઃકાળમાં સ્નાન કરી પાણીથી આર્દ્ર સાડીઓને પહેરે બલિ વગેરે ખાસ રૂપે નિયમ કરતી તથા દુઃસ્વપ્ન આદિ દોષનિવારણ માટે [મેષ] તિલકાદિ રૂપ કૌતુક મંગલ પૂજા કરતી. પછી ભીની સાડી પહેરીને વિધિસર પુષ્પાર્ચન કરી પ્રણામ કરતી અને ત્યાર પછી આહારાદિ ક્રિયા કરતી હતી.

ત્યારપછી તે સુલસા ગાથાપત્નીની ભક્તિ તથા બહુમાન-સુશ્રૂષાથી તે હરિણૈગમેષી દેવ પ્રસન્ન થઈ ગયો. બાદ હરિણૈગમેષી એ સુલસા ગાથાપત્નીની અનુકંપાને લીધે સુલસા ગાથાપત્નીને તેમ જ તને બંને જ વખતે ઋતુમતી કરેલી હતી. અનંતર તમે બંને સાથે જ ગર્ભ ધારણ કરતી તથા સાથે જ તેનું પાલન કરતી અને તમે બંને બાળકોને જન્મ આપતી હતી. પરંતુ સુલસા ગાથાપત્નીને બાળકો મરેલાં જન્મતાં હતાં. પછી હરિણૈગમેષી દેવ સુલસાની

અંજુકાને હાથે મરેલાં બાળકોને પોતાના હાથેથી ઉપાડી તારી પાસે લાવી મૂકતો હતો. તે સમયે તું પણ નવ મહિના અને સાડાસાત રાત વીત્યા પછી સુકુમાર પુત્રોને જન્મ આપતી હતી. જે ૬ તારા પુત્રો હતા તેને હરિણૈગમેષી દેવ પોતાના હાથે ઉપાડી સુલસા ગાથાપત્નીની પાસે મૂકી દેતો હતો માટે હે દેવકી! અતિમુક્ત (એવન્તા) અનગારનાં વચન સત્ય છે આ બધા તારા જ પુત્રો છે સુલસા ગાથાપત્નીના નહિ.

ત્યારપછી તે દેવકીદેવીએ અર્હંત અરિષ્ટનેમિના મુખેથી આ વૃત્તાન્ત સાંભળીને તે વાતને પોતાના હૃદયમાં અવધારિત કરી. પછી હર્ષિત હૃદયથી અર્હંત અરિષ્ટનેમિને વંદન નમસ્કાર કર્યા, અને ત્યાર પછી જ્યાં તે છ અનગાર હતા ત્યાં ગઈ અને તેમને વંદન નમસ્કાર કર્યા. તે વખતે અનગારોને જોઈ પુત્રપ્રેમને કારણે તેના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું હર્ષના કારણથી તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં હર્ષથી શરીર ફૂલવાને કારણે કંચુકીની કસો તૂટી ગઈ અને ભુજાઓ ઉપરનાં ઘરેણાં તથા હાથની ચૂડીઓ તૂટી જવા લાગી. વરસાદની ધારા પડવાથી જેમ કદંબ પુષ્પ એકી વખતે જ વિકસિત થઈ જાય છે તે પ્રકારે તેના શરીરનાં બધાં રૂંવાડાં પુલકિત થઈ ગયાં. તે છએ અનગારોને અનિમેષ દૃષ્ટિથી જોતી થકી ઘણા સમય સુધી નીરખવા લાગી. પછી તેમને વંદન નમસ્કાર કરી ભગવાન અર્હંત અરિષ્ટનેમિની પાસે આવી, અને ભગવાનને વિધિપૂર્વક વંદન નમસ્કાર કર્યા. પછી પોતાના ધાર્મિક રથ ઉપર ચઢીને દ્વારકાની વચ્ચોવચ્ચ થઈને આવી અને ક્રમથી પોતાની બહારની ઉપસ્થાનશાળા (બેઠક)માં પહોંચી, ત્યાં પોતાના શ્રેષ્ઠ ધાર્મિક રથ ઉપરથી ઉતરીને પોતાના ભવનમાં જઈને પોતાની સુકોમળ શય્યા પર બેઠી.

ત્યારપછી તે દેવકી પુત્ર સંબંધી ચિંતાથી યુક્ત અપહતચિત્ત (નિરાશા વિચારવાળી) પોતાના મનમાં આ પ્રમાણે ચિંતન કરવા લાગી કે—મેં આકાર, વય તથા કાન્તિમાં સરખા નલકૂબર જેવા સાત પુત્રોને જન્મ આપ્યો. પરંતુ તે પુત્રોમાંથી એક પણ પુત્રની બાલક્રીડા

બાલ આનંદનો અનુભવ હું કરી શકી નહિ. આ કૃષ્ણ પણ ચરણવંદન માટે મારી પાસે છ-છ મહિના પછી આવે છે. આથી હું માનું છું કે તે માતાઓ ભાગ્યશાલિની છે કે જેઓની કુખથી ઉત્પન્ન થતાં બાળક સ્તનને માટે પોતાની મનોહર તોતલી બોલીથી તેમને આકર્ષિત કરે છે અને મમ્મણ અવ્યક્ત ઉચ્ચારણ કરી સ્તનના મૂળથી કંખ સુધીના ભાગમાં અભિસરણ કરતાં રહે છે. પછી તે મુગ્ધ બાળકોને પોતાની માતાઓ જ્યારે કમલ જેવા હાથ વડે ઉપાડીને પોતાના ખોળામાં બેસાડે ત્યારે દૂધ પાવતી વખત પોતપોતાની મા સાથે તોતલા શબ્દોમાં વાતો કરે છે તથા મીઠી મીઠી બોલી બોલે છે. હું અધન્ય છું, અપુણ્ય છું મેં પુણ્ય કર્યું નથી, તેથી મારા સંતાનની બાલક્રીડાનો આનંદ હું અનુભવી શકી નથી. આ પ્રકારે તે દેવકી ખિન્ન મનથી વિચાર કરવા લાગી.

ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવ સ્નાન કરીને તથા તમામ કાજ કાર્યોથી નિવૃત્ત થઈ દેવકીજીના ચરણવંદન માટે આવ્યા. ત્યાં આવીને તેમનાં ચરણે વંદન કર્યાં તથા આ પ્રકારે કહ્યું —

હે માતા! જ્યારે હું પહેલાં તમને ચરણવંદન કરવા માટે આવતો હતો ત્યારે મને જોઈને તમારું હૈયું આનંદિત થઈ જતું હતું, પરંતુ આજ તમારી આવી સ્થિતિ જ જોવામાં આવે છે. કેમ માતા! તમે દુઃખિત મનથી ઉદાસ બની આજે શું ચિંતા કરી રહ્યાં છો?

પછી દેવકીએ કહ્યું—હે પુત્ર! આકાર, વય અને કાન્તિમાં સરખા યાવત્ નલકૂબર જેવા સુંદર સાત પુત્રોને મેં જન્મ આપ્યો પરંતુ મેં કોઈની બાલક્રીડાનો અનુભવ કર્યો નથી. હે પુત્ર! તું પણ મારી પાસે ચરણવંદન માટે છ-છ મહિને આવે છે. આથી હું સમજું છું કે તે માતાઓ ધન્ય છે, પુણ્યશાલિની છે. તેમણે પુણ્યાચરણ કર્યાં છે કે જે પોતાનાં સંતાનોના બાલક્રીડાનો અનુભવ કરે છે. આ વાતનો ચિંતન કરતી થકી દુઃખિત મનથી ઉદાસીન થઈ બેઠી છું.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવે તે દેવકીજીને આ પ્રકારે કહ્યું: હે માતા! તમે તમારા મનોરથ પ્રતિપૂર્ણ ન થવાને કારણે આ પ્રકારે

આર્તધ્યાન ન કરો હું એવો પ્રયત્ન કરીશ કે જેથી મારે એક નાનો ભાઈ થાય એમ કહી અભિલષિત પ્રિય મનોજ્ઞ વચનોથી દેવકી મહારાણીને કૃષ્ણ વાસુદેવે ધીરજ અને વિશ્વાસ આપ્યો. પછી તેની પાસેથી નીકળી જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયા અને જેવી રીતે અભયકુમારે બ્રહ્મચર્યસહિત પૌષધથી યુક્ત એવા દર્ભના આસને બેસી અઠ્ઠમ ભક્તનો સ્વીકાર કરી મિત્ર દેવની આરાધના કરી હતી તેવી જ રીતે કૃષ્ણ વાસુદેવે પણ હરિણૈગમેષી દેવની આરાધના કરી. વિશેષ એટલું જ છે કે હરિણ૦ ક્રિયાઓને પ્રાકાશમય કરતા દિવ્યરૂપ ધારી તે દેવે તેની સમીપ આવી આકાશમાં ઊભા રહી કૃષ્ણ વાસુદેવને આ પ્રકારે કહ્યું —

હે દેવાનુપ્રિય! તમે મારું સ્મરણ કર્યું છે તેથી હું ઉપસ્થિત થયો છું. આજ્ઞા આપો કે હું શું કરું? શું આપું? બોલો તમારો શો મનોરથ છે? ત્યારપછી કૃષ્ણ વાસુદેવે આકાશમાં ઊભેલા તે દેવને જોઈને બહુ જ હર્ષિત થઈ પૌષધ પાર્યો અને હાથ જોડીને આ પ્રકારે કહ્યું —

હે દેવાનુપ્રિય! આપની કૃપાથી મારે એક સહોદર લઘુભ્રાતાનો જન્મ થાય એવી ઇચ્છા છે.

ત્યારપછી તે હરિણૈગમેષી દેવે કૃષ્ણ વાસુદેવને આ પ્રકારે કહ્યું-
હે દેવાનુપ્રિય! દેવલોકથી એક દેવતા આયુષ્ય પૂર્ણ કરી તમારો નાનો ભાઈ થઈને જન્મ લેશે અને તે બાલ્યાવસ્થા વીતી જતાં અર્થાત્ યુવાવસ્થા પ્રાપ્ત થતાં જ અર્હત્ અરિષ્ટનેમિની પાસે મુંડિત દીક્ષા લેશે. તે હરિણૈગમેષી દેવે કૃષ્ણ વાસુદેવને બીજીવાર ત્રીજીવાર ઉપર પ્રમાણે કહ્યું. અને પછી જે દિશામાંથી આવ્યો હતો તે જ દિશા તરફ પાછો ચાલ્યો ગયો.

ત્યાર બાદ તે કૃષ્ણ વાસુદેવ પૌષધશાળામાંથી નીકળી દેવકી દેવીની પાસે આવ્યા અને તેઓના ચરણમાં વંદન કર્યું પછી તેમણે દેવકીદેવીને આ પ્રકારે કહ્યું—હે માતા! મારે એક નાનો ભાઈ થશે. તમે ચિંતા ન કરો. તમારા મનોરથ પૂર્ણ થશે આ પ્રકારના મધુર

મનોહર એવા મનોજ્ઞ વચનોથી કૃષ્ણ વાસુદેવે દેવકીજીને સંતુષ્ટ કર્યાં એ પ્રમાણે તેમને સંતોષ આપીને તેમની પાસેથી ચાલ્યા ગયા. ત્યાર પછી પુણ્યશાલીઓ જ એવો ઉપભોગ કરી શકે તેવી ખુશાલ શય્યામાં સૂતેલી તે દેવકીએ સ્વપ્નમાં સિંહને જોયો. સ્વપ્ન જોયા પછી જ્યારે જાગ્રત થઈ ત્યારે સ્વપ્નનો વૃત્તાંત તેણે વસુદેવને કહ્યો. પોતાના મનોરથની પરિપૂર્ણતાને નિશ્ચિત સમજીને દેવકીનું મન પ્રફુલ્લ થઈ ગયું. ત્યારથી તેણે અત્યંત સુખથી ગર્ભ ધારણ કર્યો.

ત્યારથી નવ મહિના અને સાડાસાત દિવસ વીત્યા પછી દેવકીજીએ જપાકુસુમ બન્ધૂકપુષ્પ, લાક્ષારસ તથા પારિજાત અને ઉગતા સૂર્ય જેવી પ્રભાવાળા અને સર્વ જનોનાં નયનને સુખ આપનારા, અત્યંત કોમળ યાવત્ સુરૂપ અને હાથીના તાળવા જેવા સુકોમળ બાળકને જન્મ આપ્યો. જે પ્રકારે મેઘકુમારનો જન્મ થયે તેનાં માતાપિતાએ મહોત્સવ કર્યો હતો તેવી જ રીતે દેવકી અને વસુદેવે જન્મમહોત્સવ કર્યો. તેમણે વિચાર્યું કે આ અમારો બાળક હાથીના તાળવા જેવો સુકોમળ છે માટે એનું નામ ગજસુકુમાલ રહે. પછી તેના માતાપિતાએ તે બાળકનું નામ ગજસુકુમાલ પાડ્યું ગજસુકુમાલ કુમારના બાલ્યકાળથી માંડીને યૌવનકાળ સુધીનું વર્ણન મેઘકુમારના જેવું જાણવું.

તે દ્વારકા નગરીમાં ઋગ્વેદ આદિ ચારે વેદોમાં અને વેદાંગોમાં પરિનિષ્ઠિત તથા ધનધાન્યથી સમૃદ્ધ સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણની પત્નીનું નામ સોમશ્રી હતું. તે સોમશ્રી બ્રાહ્મણી અત્યંત કોમળ હતી. તે સોમિલ બ્રાહ્મણની પુત્રી સોમશ્રીની આત્મજ સોમા નામની દારિકા (કન્યા) હતી, જે સુકુમાર અને સુરૂપ હતી, તથા આકાર અને રૂપમાં ઉત્કૃષ્ટ હતી, તથા તે સોમા દારિકા પણ પ્રતિષ્ઠિત જાતિ (ઊંચ વર્ગની) હોવાને કારણે એવ જનતાની યથાવત્ સિદ્ધિપ્રાપ્ત હોવાને કારણે ઉત્કૃષ્ટ શરીરશોભાવાળી હતી.

ત્યારપછી તે સોમા દારિકા સ્નાન કરી યાવત્ અનેક બાલિકા

અલંકારોથી વિભૂષિત થઈ ઘણી કુબ્જા દાસીઓ અને બીજી પ્રકીર્ણ દાસીઓથી પરિવૃત થઈ પોતાના ઘરથી નીકળી રાજમાર્ગ ઉપર આવી અને ત્યાં સોનાના દડાથી રમવા લાગી. તે કાળે તે સમયે અર્હંત્ અરિષ્ટનેમિ ભગવાન તે દ્વારકા નગરીમાં પધાર્યા તેથી ધર્મ કથા સાંભળવા માટે પરિષદ્ પોતપોતાને ઘેરથી નીકળી. ત્યારપછી ભગવાનના આવવાનો વૃત્તાંત સાંભળી કૃષ્ણ વાસુદેવ સ્નાન કરી યાવત્ આભૂષણોથી વિભૂષિત થઈ પોતાના નાના ભાઈ ગજસુકુમાલ કુમારની સાથે હાથી ઉપર બેસી અને કોરંટ પુષ્પની માળાથી યુક્ત છત્ર તથા વિંઝાતા ચામરોથી સુશોભિત તે કૃષ્ણ વાસુદેવ દ્વારવતી નગરીના મધ્યમાંથી અર્હંત્ અરિષ્ટનેમિની પાસે તેમના વંદન કરવા માટે નીકળ્યા. તે સમયે દ્વારકા નગરીના રાજમાર્ગમાં રમતી સોમા દારિકાને કૃષ્ણ વાસુદેવે જોઈ. તે સોમા દારિકાનું રૂપ લાવણ્ય અને યૌવન જોઈને કૃષ્ણ વાસુદેવને બહુ જ આશ્ચર્ય થયું.

તેને જોઈને કૃષ્ણ વાસુદેવે પોતાના પુરુષોને બોલાવ્યા અને આ પ્રમાણે આજ્ઞા કરી—હે દેવાનુપ્રિય! તમે સોમિલ બ્રાહ્મણની પાસે જાઓ અને તેની પાસેથી તેની કન્યાની યાચના કરો. તે પછી તેની કન્યા સોમાને લઈને કન્યાઓના અંતઃપુરમાં પહોંચાડો. આ સોમા દારિકા ગજસુકુમાલ કુમારની ભાર્યા થશે. પછી આજ્ઞા પ્રમાણે તે રાજસેવક સોમિલ બ્રાહ્મણની પાસે ગયા અને તેની પાસે કન્યાની યાચના કરી. સોમિલ બ્રાહ્મણે પ્રસન્ન ચિત્તથી તે કન્યાને તે રાજપુરુષોને સોંપી દીધી. તેમણે તે કન્યાને કૃષ્ણ વાસુદેવના કન્યાના અંતઃપુરમાં રાખી. ત્યારપછી કૃષ્ણ વાસુદેવે દ્વારવતી નગરીની વચ્ચોવચ્ચ થઈ સહસ્રામ્રવન ઉદ્યાનમાં જ્યાં ભગવાન અર્હંત્ અરિષ્ટનેમિ બિરાજતા હતા ત્યાં જઈ તેમને વંદના કરી અને ભગવાનની ઉપાસના કરવા લાગ્યા. ત્યારપછી ભગવાન અર્હંત્ અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવ અને ગજસુકુમાલને માટે તે વિશાળ પરિષદમાં ધર્મોપદેશ કર્યો. પછી ધર્મકથા સાંભળી કૃષ્ણ વાસુદેવે પોતાના મહેલ તરફ પ્રસ્થાન કર્યું

પરંતુ ગજસુકુમાલને ભગવાન અરિષ્ટનેમિની વાણી સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થયો. આથી તેમણે હાથ જોડી ભગવાનને નિવેદન કર્યું કે હે ભદન્ત! હું મારાં માતાપિતાને પૂછીને આપની પાસે દીક્ષા ગ્રહણ કરીશ એ પ્રકારે મેઘકુમારની પેઠે ભગવાનને નિવેદન કરી પોતાને ઘેર આવ્યા, અને માતાપિતાને પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો. માતાપિતાએ તેની દીક્ષાની વાત સાંભળી તેને કહ્યું —

હે વત્સ! તમારો હજી વિવાહ પણ થયો નથી અને હજી તમે સંતતિ કરી નથી માટે વિવાહ કરો સંતાન થયા પછી તમારો ભાર તેને સોંપી દીક્ષા ગ્રહણ કરજો, સંપ્રતિ દીક્ષા ન લેવાના વિચારમાં સ્થિર થતો કરી.

ગજસુકુમાલના વૈરાગ્યના સમાચાર મળતાં કૃષ્ણ વાસુદેવ ગજસુકુમાલ પાસે આવ્યા. પછી તે ગજસુકુમાલને સ્નેહપૂર્વક પોતાના હાથથી ભેટ્યા. ત્યારપછી તેમને પોતાના ખોળામાં બેસાડી આ પ્રકારે કહ્યું—

હે દેવાનુપ્રિય! તું મારો નાનો ભાઈ છે માટે આવા રાજ્ય ભોગ છે તું મારી વાત ઉપર અવશ્ય ધ્યાન દઈ તને મારું જ કહેવું છે કે હાલ અરિષ્ટનેમિની પાસે દીક્ષા ન લે હું આજે જ અત્યંત સમારોહપૂર્વક તારો રાજ્યાભિષેક કરાવી આ દ્વારાવતી નગરીનો રાજા તને બનાવીશ. કૃષ્ણ વાસુદેવનાં એવાં વચન સાંભળી ગજસુકુમાલ કુમાર મૌન થઈ ગયા.

ત્યાર પછી ગજસુકુમાલ કુમારે કૃષ્ણ વાસુદેવ તથા પોતાનાં માતાપિતાને બે ત્રણ વખત આ પ્રકારે કહ્યું—હે દેવાનુપ્રિય! મનુષ્યભવના આધારભૂત આ ઔદારિક શરીર મળ, મૂત્ર, કફ, વમન પિત્ત અને શુક્રનો ભંડાર છે આ શરીર અસ્થિર છે અનિત્ય છે અશાશ્વત છે તથા સડવું અને નષ્ટ થવું એવા ધર્મોવાળું હોવાને કારણે આગળપાછળ ક્યારેને ક્યારે અવશ્ય નષ્ટ થવાનું છે અને એ મળમૂત્રનું સ્થાન છે વમનનું સ્થાન છે પિત્તનું સ્થાન છે કફનું સ્થાન છે લોહીનું સ્થાન છે શુક્રનું સ્થાન છે દુર્ગંધ—ધામ તથા નિંદનીય સ્થાન

છે વળી આ શરીર દુર્ગંધયુક્ત મૂત્ર વિષ્ટા તથા પરુથી ભરેલું છે આ
શરીરને એક દિવસ અવશ્ય છોડવું પડશે. માટે હે માતાપિતા ! હે
મનુજવર ! આપ બેઉની આજ્ઞા લઈ અર્હત્ અરિષ્ટનેમિની પાસે દીક્ષા
લેવા માગું છું તારપછી કૃષ્ણ વાસુદેવ અને વસુદેવ તથા દેવકી જ્યારે
ગજસુકુમાલને અનેક પ્રકારનાં અનુકૂળ પ્રતિકૂળ કથનથી સમજાવી શક્યા
નહિ ત્યારે તેઓ અસમર્થ થઈ આ પ્રકારે બોલ્યા —

હે પુત્ર ! અમે લોકો તને એક દિવસ માટે પણ રાજ્યસિંહાસનપર
બેસાડીને તારી રાજ્યશ્રી જોવા ઇચ્છીએ છીએ માટે તું એક દિવસ
માટે પણ આ રાજ્યલક્ષ્મીનો સ્વીકાર કર માતાપિતા અને મોટાભાઈના
આગ્રહથી ગજસુકુમાલ ચૂપ થઈ ગયા ત્યારપછી તેનો રાજ્યાભિષેક
થયો અને તે રાજા થઈ ગયા. પછી માતાપિતાએ પૂછ્યું —

હે પુત્ર ! તમારી શું ઇચ્છા છે ?

તે બોલ્યા—' સંયમ ગ્રહણ કરવા માગું છું ત્યારપછી ગજસુકુમાલની
આજ્ઞાથી સંયમની તમામ સામગ્રીઓ લાવવામાં આવી અને મહોત્સવની
સાથે પ્રવ્રજિત થઈ તે ગજસુકુમાલ અનગાર થઈ ગયા. તથા ઇર્યાસમિતિ
આદિથી યુક્ત શબ્દાદિ વિષયોથી નિવૃત બની સર્વે ઇન્દ્રિયોને પોતાના
વશમાં રાખી ગુપ્ત [ગુપ્તિ ઓવાળા] બ્રહ્મચારી થઈ ગયા.

ત્યારપછી તે ગજસુકુમાલ અનગાર જે દિવસે પ્રવ્રજિત થયા
તે જ દિવસે ચોથા પ્રહરમાં અર્હત્ અરિષ્ટનેમિની પાસે ગયા અને ત્રણ
વાર વંદનનમસ્કાર કરી આ પ્રકારે કહ્યું—હે ભદન્ત ! મારી ઇચ્છા
છે કે મહાકાલ શ્મશાનમાં એક રાત ભિક્ષુ મહાપ્રતિમાનો સ્વીકાર કરી
વિચરણ કરું અર્થાત્ સંપૂર્ણ રાત્રિભર ધ્યાનસ્થ થઈ ઊભો રહું

ભગવાને કહ્યું—દેવાનુપ્રિય ! જે પ્રકારે તને સુખ થાય તેમ કર.
પછી તે ગજસુકુમાલ અનગાર અર્હત્ અરિષ્ટનેમિ પાસેથી આજ્ઞા પ્રાપ્ત
કરી તેમને વંદન નમસ્કાર કરી સહસ્ત્રામ્રવન ઉદ્યાનથી નીકળીને મહાકાલ
શ્મશાનમાં ગયા ત્યાં તેમણે કાયોત્સર્ગ કરવા માટે પ્રાસુકભૂમિ તથા
ઉચ્ચાર પાસવણ—બડીનીત, લઘુનીત પરિઠવન યોગ્ય ભૂમિની પ્રતિલેખના

કરી. પછી પ્રભુને વંદના નમસ્કાર કરી મહાકાળ સ્મશાનના એક ખૂણે ઠેકાણે એક પુદ્ગલ પર દૃષ્ટિ રાખીને એક રાત્રિની મહાપ્રતિમાનો સ્વીકાર કરી ધ્યાનમાં નિમગ્ન થયા.

તે સમયે તે સોમિલ બ્રાહ્મણ ગજસુકુમાલ અણગારના આવ્યા પહેલાં જ હવનને નિમિત્તે સમિધ આદિ લેવા માટે દ્વારકા નગરીની બહાર નીકળ્યો હતો. તે સોમિલ બ્રાહ્મણ સમિધ, કુશ, ડાભ તથા પાંદડાં લઈને પાછો પોતાને ઘેર આવતો હતો. તે વખતે મહાકાળ સ્મશાનની પાસે થઈને જતાં તે સોમિલ બ્રાહ્મણે મનુષ્યની આવજાથી રહિત એવા સંધ્યાકાળના સમયે સ્મશાનમાં કાયોત્સર્ગ કરતા ગજસુકુમાલ અણગારને જોયા. જોતાં વેંત તેના હૃદયમાં વૈરભાવની જાગૃતિ થઈ અને ક્રોધિત થઈ તે આ પ્રકારે બોલ્યો—

અરે! આ તેજ નિર્લજ્જ અપ્રાર્થિત પ્રાર્થક—મરણને ચાહનારો ગજસુકુમાલ કુમાર છે. આ દુર્લક્ષણો અને પુણ્યહીન છે જે મારી પુત્રી સોમશ્રીની આત્મજા દીકરી, સોમા જે મારી છે તેનો દોષ વિના ત્યાગ કરી સંયમી થઈ ગયો છે. આથી મારા માટે એ ઉચિત છે કે હું આ વેરનો બદલો લઉં.

તે સોમિલ બ્રાહ્મણે આ પ્રકારે વિચાર કરીને ચારે બાજુ જોયું કે કોઈ આવતું જતું તો નથી ને? ચારે બાજુ જોઈને તેણે તળાવમાંથી ભીની માટી લીધી. પછી જ્યાં ગજસુકુમાલ પોતાની આંખોને નમાવી નમી ઇન્દ્રિયો વશ રાખી, પોતાના અંગ-ઉપાંગોને સ્થિર રાખી પોતાના બે પગને ચાર આંગુલને અંતરે રાખીને પોતાના હાથોને ઢીંચણ સુધી લટકાવી એક પુદ્ગલ પર અનિમેષ દૃષ્ટિ રાખી, કાયાથી ધ્યાનાવસ્થિત હતા ત્યાં આવ્યો. ત્યાં આવીને ગજસુકુમાલ અણગારના શિરપર માટીની પાળ બાંધી. પછી સોમિલે બળતી ચિતામાંથી ખેરના લાકડાના કેસૂડાના ફૂલ જેવા લાલચોળ અંગારા લઈને ફૂટેલા માટીના વાસણના કકડા (ઠીકરા)માં ભરીને ગજસુકુમાલ અણગારના માથા ઉપર નાખી દીધા. અંગારા નાખ્યા પછી કોઈ મને દેખી ન જાય,

મેવા લાગ્યો ચારે બાજુ આમતેમ જોતો ને જલ્દી ત્યાંથી ભાગી ગયો, ને જે બાજુથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો.

સોમિલ દ્વિજ માથા ઉપર અંગારા મુકવા પછી ગજસુકુમાલ અનગારના શરીરમાં મહાવેદના ઉત્પન્ન થઈ જે વેદના અત્યંત દુઃખમય હતી, જાજ્વલ્યમાન હતી, કલ્પનાતીત હતી, અને અસહ્ય જ અસહ્ય હતી. છતાં પણ ગજસુકુમાલ અનગાર તે સોમિલ બ્રાહ્મણ પર લેશમાત્ર પણ દ્વેષ ન કરતાં તે અસહ્ય વેદના સહન કરવા લાગ્યા અને તે દુઃખરૂપ જાજ્વલ્યમાન વેદનાને સહન કરતા ગજસુકુમાલ અનગારે શુભ પરિણામ તથા પ્રશસ્ત અધ્યવસાયથી તથા તે તે આત્માના પ્રદેશોના આચ્છાદક કર્મોના નાશથી જ્ઞાનાવરણાદિ કર્મોના નિવારક આત્માના અપૂર્વ કરણમાં પ્રવેશ કર્યો જેથી તેઓને અનન્ત—અન્ત રહિત અનુત્તર—પ્રધાન નિર્વ્યાઘાત—વ્યાઘાત રહિત નિરાવરણ—આવરણવિનાનું કૃત્સ્ન—સંપૂર્ણ પ્રતિપૂર્ણ કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉત્પન્ન થયાં. તથા તે જ સમયે બધાં કર્મોનો ક્ષય થવાના કારણે તે ગજસુકુમાલ અનગાર કૃતકૃત્ય થઈને સિદ્ધ પદને પ્રાપ્ત થયા. તેથી તેઓ લોકાલોક સર્વે પદાર્થોના જ્ઞાનથી બુદ્ધ થઈ ગયા, બધાં કર્મોનો નાશ થઈ જવાને કારણે મુક્ત થઈ ગયા સર્વ પ્રકારનાં કર્મોથી ઉત્પન્ન થતા વિકારોને દૂર કરવાના કારણથી પરિનિર્વાત શીતલીભૂત થઈ ગયા તેમ જ શારીરિક દુઃખ અને માનસિક દુઃખથી રહિત હોવાને કારણે સર્વદુઃખપ્રહીણ થઈ ગયા. અર્થાત્ તે ગજસુકુમાલ અનગાર પરમપદને પ્રાપ્ત થયા તે ગજસુકુમાલ અનગાર પરમપદને પ્રાપ્ત થયા પછી તે સમયે ત્યાં સમીપવર્તી દેવોએ કે ગજસુકુમાલ અનગારે ચારિત્રનું સમ્યક્ આરાધન કર્યું છે એમ વિચાર કરી, પોતાની વૈક્રિય લબ્ધિદ્વારા દિવ્ય સુગન્ધિત અચિત્ત (નિર્જીવ) જળની અને પાંચ વર્ણોનાં અચિત્ત પુષ્પોની વૃષ્ટિ કરી તથા દિવ્ય વસ્ત્રોના ઢગ કર્યા ને તે દેવતાઓએ દિવ્ય સુમધુર ગીતથી અને મધુર વાદ્યોના ધ્વનિથી આકાશને વ્યાપ્ત કરી દીધું *

અંતરાય ઉત્પન્ન થયા પછી ફરીથી આ સમયમાં અતિ વિસ્તૃત વસુદેવહિંડી રચવું આ મધ્ય દેવકીના પતિ વસુદેવની આત્મકથા રૂપે છે. એમનો પ્રસ્તુત ભાગ:

૨. વસુદેવહિંડી : પ્રા. ભોગીલાલ સાંડેસરા અને ધર્મસેન ગણિ મહત્તર [illegible]

એમ સુખપૂર્વક સુખમય તથા વિશ્રામ કરતાં પતિવ્રતાની નગરી [illegible] કરી અનેક પ્રકારે દેવકુલ પાસે (મારે માટે) બનાવ્યું [illegible] પછી રાજાએ વિચાર કરીને [illegible] (મને) આપી. એમ વર્ષ થયાં પછી રાજાને આનંદી વિધિથી [illegible] સાથે ભાર [illegible] અને મલ્લિકા [illegible] શયન, આસન, વસ્ત્ર અને પાત્રોનો અનેકવિધ વૈભવ અને [illegible] વિપુલ [illegible] તથા [illegible] એવું તથા [illegible] એવું [illegible]—આ સર્વ આમને આશ્રયમાં [illegible] પછી સસરાની અનુમતિથી, દેવ સમાન રિદ્ધિ સાથે, હું [illegible] નગર નીકળ્યો. રાજાઓ પાછા વળ્યા, હું અનુક્રમે [illegible] પહોંચ્યો.

આનંદ [illegible] એક વાર [illegible] મરી, પાસે આવીને પગે પડીને વિનવવા લાગ્યો 'દેવ! [illegible] તે મને આપો.' મેં કહ્યું, 'આપીશ [illegible] તે [illegible] દેવકીના [illegible] અને આવજો" એ [illegible] કહીને તે સ્વીકાર્યું. [illegible] મેં સાંભળ્યું કે— (દેવકીના લગ્ન સમયે) મદિરાથી મત્ત થયેલી કંસની પત્ની જીવયશાએ કુમારશ્રમણ અતિમુક્તકને, તેમણે પોતાના [illegible] સુધી [illegible] ત્યારે તે [illegible] જીવયશાને શાપ આપ્યો હતો કે, 'હે ઉન્મત્ત [illegible]! જેના પ્રસંગમાં—[illegible] સાતમો પુત્ર [illegible] પતિનો વધ કરનાર થશે.' આ પ્રમાણે [illegible] તેનો [illegible] સાત ગર્ભની માગણી કરી (એ વિગતે)

શુદ્ધ હૃદયવાળા એવા મે જે સ્વીકાર્યું છે તે [illegible] જાણે આમ્રો આ પ્રમાણે કંસને જીતતો હતો ત્યાં દેવકીના છ પુત્રોનો મારા વચનના દોષથી દુરાત્મા કંસે વધ કર્યો.

વસુદેવહિંડીનો પાછલો ભાગ ઉપલબ્ધ નથી; લોપ પામ્યો છે એટલે દેવકીના છ પુત્રો વિષેની એની નીકળતો—જે પછી રચિત હોવાનો સંભવ છે—આપણને ઉપલબ્ધ નથી. સંભવ છે કે અનુગામી ત્રિષષ્ટિ ના કર્તાએ આ ભાગ ધ્યાનમાં લેવા જેવો પણ હોય-તે પછી એ લુપ્ત થયો હોય.

ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર એ આપણા કાવ્યનો મોટો આધારગ્રંથ મનાય એનો પ્રસ્તુત ભાગ અહીં ઉતારું છું

૩ ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર

કર્તા

શ્રી હેમચન્દ્રાચાર્ય વિક્રમની તેરમી સદીનું પહેલું ચરણ. સંસ્કૃત.

એ અરસામાં જેણે પૂર્વે ચારિત્ર ગ્રહણ કર્યું છે એવા કંસના અનુજ નાનું અતિમુક્ત મુનિ તપસ્યાથી કૃશ અંગવાળા થયા છતા કંસને ઘેર પારણાને માટે આવ્યા તે વખતે મદિરાવડે ઘેલી કંસની સ્ત્રી જીવયશા 'અરે દિયર! આ ? ઉત્સવને દિવસે આવ્યા તે બહુ સારું કર્યું માટે આવો મારી સાથે નૃત્ય અને ગાયન કરો' એ પ્રમાણે કહી તે મુનિના કંઠે વળગી પડી અને ગૃહસ્થીની જેમ તેમની ઘણી કદર્થના કરી. તે વખતે જ્ઞાની મુનિએ કહ્યું કે 'જેને નિમિત્ત આ ઉત્સવ થાય છે તેનો સાતમો ગર્ભ તારા પતિનો અને પિતાનો સંહારક થશે.' વજ્ર જેવી આ વાણી સાંભળી તત્કાળ જીવયશા કે જેની બધી મદાવસ્થા જતી રહી હતી તેણે મહામુનિને છોડી દીધા અને તત્કાળ પોતાના પતિ પાસે જઈ તે એ ખબર કહ્યા. કંસે વિચાર્યું કે 'કદી વજ્ર નિષ્ફળ થાય પણ મુનિનું ભાષિત નિષ્ફળ થતું નથી તો પણ જ્યાં સુધી આ ખબર કોઈને થયા નથી ત્યાં સુધીમાં હું વસુદેવની પાસે [illegible]

મિત્ર વસુદેવ માગધી અગાઉથી અને દેવકીના બાળ ન આપે તો પછી બીજો કોઈ પ્રયત્ન કર કે જેથી પાપ આચરવું દુર્લભ થાય. આ પ્રમાણે ચિંતવી તે કે પોતે મતલિંગ હતો, તથાપિ મહાસત્ત્વ (પૌષ્ટિક વચ્ચે) મિત્ર દૈવાત મળ્યો અને કૃપા અંજલિ જોડતો કંસ વસુદેવની પાસે આવ્યો. વસુદેવે તેમાં જ તેની યોગ્યતા પ્રમાણે તેને માન આપે અને સંભ્રમથી કરવો સ્વાગત કરીને કહ્યું કે કંસ! તમે મારા પ્રાણપ્રિય મિત્ર છો, આ વખતે કોઈ કાર્યને આવ્યા હો તેમ લાગે છે. તો જે ઇચ્છા હોય તે કહો. જે કહેશો તે કરીશ. કંસે હાથ જોડીને કહ્યું હે મિત્ર! પ્રથમ પણ જરાસંધ પાસેથી કન્યાદાનને અપાવીને તેં મને કૃતાર્થ કર્યો છે. તો હવે મારી એવી ઇચ્છા છે કે દેવકીના સાત ગર્ભ જન્મતાં જ મને અર્પણ કરો. સરલ મનવાળા વસુદેવે તે કથાને સ્નેહ સહિત પણ વૃત્તાંતને નહીં જાણનારી દેવકીએ પણ તેં કહ્યું કે બંધુ! તારી ઇચ્છા પ્રમાણે થાઓ. વસુદેવના અને તારા પુત્રોમાં કાંઈ પણ અંતર નથી. અમારા બંનેનો યોગ વિધિ વશ તારાથી જ બન્યો છે તો આવું કેમ કહે છે! આવો આદિ કોઈ ન હો તેમ કેમ બોલે છે? વસુદેવ બોલ્યા સુંદરી! હવે આ બોલવાનું કામ નથી. તારા સાત ગર્ભો જન્મ પામતાં જ કંસને આધીન થાઓ. કંસ બોલ્યો: આ તમારી મારા પર મોટી કૃપા છે. ઉન્મત્તપણાના આવેશને આ પ્રમાણે કહીને પછી વસુદેવની સાથે મદિરાપાન કરીને પોતાને ઘેર ગયો. ત્યાર પછી વસુદેવે મુનિનું સર્વ વૃત્તાંત સાંભળ્યું એટલે જાણ્યું કે કંસે મને છળ-કપટથી છેતર્યો હોય. પરંતુ પોતાના સત્યવાદીપણાથી તેને આપેલા વચન સંબંધી પછી પશ્ચાત્તાપ કર્યો.

એ અવસરમાં ભદ્દિલપુરમાં નાગ નામે એક શેઠ રહેતો હતો. તેને સુલસા નામે સ્ત્રી હતી. તે બન્ને પરમ શ્રાવક હતા. અતિમુક્ત નામના ચારણમુનિએ તે સુલસાના બાળપણમાં તેની બાલ્યાવસ્થામાં કહ્યું હતું કે આ બાળા નિંદુ (મૃતપુત્રા) થશે. તે સાંભળી સુલસાએ હરિ

પોતાની નૈગમેષી [બીજું હરિનૈગમેષી] દેવની આરાધના કરી. તે દેવ સંતુષ્ટ થયો એટલે તેણે પુત્રની યાચના કરી. દેવે અવધિજ્ઞાનથી જાણીને કહ્યું કે ધાર્મિક સ્ત્રી ! કંસે મારવાને માટે દેવકીના ગર્ભ માગ્યા છે તે હું તને તારા મૃત ગર્ભના પ્રસવ સમયે અર્પણ કરીશ. એમ કહી તે દેવે પોતાની શક્તિથી દેવકી અને સુલસાને સાથે જ રજસ્વલા કરી અને તેઓ સાથે જ સગર્ભા થઈ ને તેઓએ સાથે જ ગર્ભને જન્મ આપ્યો. એટલે સુલસાના મૃત ગર્ભને સ્થાને તે દેવતાએ ફેરફાર કરી દીધા. કંસે પછી સુલસાના મૃત ગર્ભને પથ્થરની શિલા ઉપર પછાડ્યો અફળાવ્યા (અને પોતે મારી નાખ્યાનું માનવા લાગ્યો) એ રીતે દેવકીના બધા જ ગર્ભ સુલસાને ઘેર પુત્રની જેમ તેનું સ્તનપાન કરીને સુખે વૃદ્ધિ પામવા લાગ્યા. તેમના અનીકયશ અનંતસેન અજિતસેન નિહતારિ દેવયશ અને શત્રુસેન એવાં તેણે નામ પાડ્યાં.

× × × ×

ભગવાન નેમિનાથ પૃથ્વીતલને પવિત્ર કરતા અનુક્રમે સર્વ નગરમાં શ્રેષ્ઠ એવા ભદ્દિલપુરમાં પધાર્યા. ત્યાં સુલસા અને નાગ શાહ પાલતા છ પુત્રો કે જે દેવકીના ઉદરથી ઉત્પન્ન થયા હતા અને જેમને નૈગમેષી દેવતાએ હરી લાવીને સુલસાને આપ્યા હતા તે રહેતા હતા. તેઓ પ્રત્યેક બત્રીસ બત્રીસ કન્યાઓ પરણ્યા હતા. તેઓએ શ્રી નેમિનાથના ઉપદેશથી તેમની પાસે વ્રત ગ્રહણ કર્યું. તે છએ ચરમશરીરી (તે જ ભવે મોક્ષે જનારા) હતા. તેઓ દ્વાદશાંગીને ધારણ કરી મોટું તપ આચરતા પ્રભુની સાથે વિહાર કરવા લાગ્યા.

શ્રી નેમિનાથ વિહાર કરતા કરતા અનુક્રમે દ્વારકા સમીપે પધાર્યા ને સહસ્રામ્રવન નામના ઉપવનમાં સમવસર્યા.

તે સમયે દેવકીના છ પુત્રોએ છઠ્ઠ તપના પારણાને અર્થે બે બેની એક થઈ ત્રણ સાથે જુદા જુદા વહોરવા માટે દ્વારકામાં પ્રવેશ કર્યો. તેમાં પ્રથમ અનીકયશ અને અનંતસેન દેવકીને ઘેર ગયા. તેમને કૃષ્ણના જેવા જોઈ દેવકી ઘણો હર્ષ પામ્યા. પછી તેમણે સિંહ-કેસરિયા

બોધથી તેમને પ્રતિબોધિત કર્યા. તેઓ ત્યાંથી ભમીને ગયા. એકદા
તેઓ સહોદર અજિતસેન અને નિહતશત્રુ નામે બે મહામુનિ વિ
હરતા આવ્યા. તેમને પણ દેવકીએ પ્રતિલાભિત કર્યા. એટલામાં દેવયશ અને
શત્રુસેન નામે ત્રીજા બે મુનિ પણ ત્યાં પધાર્યા. તેમને નમસ્કાર ક
રીને ભક્તિ વડે દેવકીએ પૂછ્યું – હે મુનિરાજ ! શું તમે દિગ્મૂઢ થવા
થી વાર વાર અહીં આવો છો ? કે શું મારી મતિમાં ભેદ થઈ ગયો છે
કે તમે તેજ છો કે નથી ? અથવા આ દ્વારિકા સ્વર્ગપુરી જેવી આ નગરી
શું મહર્ષિઓને યોગ્ય અન્નપાન (આહારપાણી) નથી આપતી ? આ
દેવકીના પ્રશ્નથી તે મુનિ બોલ્યા — અમને કાંઈ પણ દિગ્મોહ થયો
નથી, પણ અમે છ સહોદર ભાઈઓ છીએ, ભદ્દિલપુરના રહેવાસી
છીએ અને સુલસા અને નાગ સાર્થવાહના પુત્રો છીએ. શ્રી નેમિનાથ
પાસે ધર્મ સાંભળી અમે છએ જણે દીક્ષા લીધી છે. આજે અ
મોએ [illegible] નીકળેલા છીએ, તે અમો જુદા અનુક્રમે તમારે ઘે
આવ્યા [illegible] છે. તે સાંભળી દેવકી વિચારમાં પડ્યાં કે આ છ
મુનિઓ કૃષ્ણના જેવા કેમ હશે ? તેમનામાં એક તિલમાત્ર જેટલું
પણ ફેર નથી. પૂર્વે અતિમુક્ત સાધુએ મને કહ્યું હતું કે "તમ
ને આઠ પુત્રો થશે અને તે જીવતા રહેશે. તે શું આ છએ મારા પુત્રો
તો નહીં હોય ? આવો વિચાર કરી બીજે દિવસે દેવકી દેવરચિ
ત સમવસરણમાં શ્રીનેમિનાથને પૂછવા ગયાં. દેવકીના હૃદયનો ભાવ જા
ણી તેમના પૂછ્યા અગાઉ જ પ્રભુએ કહ્યું કે હે દેવકી ! તમે આજે જો
યા તે છએ તમારા પુત્રો છે. તેને નૈગમેષી દેવે જન્મતા જ તમારી પાસે
થી હરીને સુલસાને આપ્યા હતા અને તેના મૃત પુત્રને તમારી પાસે મૂ
ક્યા હતા. ખરી વાત તે જ સાધુઓને જોઈને દેવકીના સ્તનમાંથી પય ઝર
વા માંડ્યું. તેણે છએ મુનિને પ્રેમથી વંદના કરીને કહ્યું કે પુત્રો ! તમ
[illegible] ન થયાં તે પણ ઠીક થયું મા ! [illegible]
[illegible] અને તમને એ દીક્ષા પ્રાપ્ત થઈ તે તો ઘણું સા
રૂ થયું પણ મને [illegible] છે કે તમારામાંથી કોઈ

મેં રમાડ્યા કે ઉછેર્યા નથી. ભગવાન નેમિનાથ બોલ્યા દેવકી ! વૃથા એ શા માટે કરો છો ? પૂર્વજન્મનાં કર્યાનું ફળ આજે તમને પ્રાપ્ત થયું છે કેમ કે તમે પૂર્વજન્મમાં તમારી શોક્યનીનાં સાત રત્નો ચોર્યાં હતાં. પછી જ્યારે તે રોવા લાગી ત્યારે તમે તેમાંથી માત્ર એક રત્ન પાછું આપ્યું હતું ને છ રત્નો આપ્યાં નહોતાં. આ સાંભળી દેવકી પોતાના પૂર્વજન્મનું કુકર્મ નિંદતી ઘેર ગઈ અને પુત્રજન્મની ઇચ્છાથી ખેદયુક્ત ચિત્ત રહેવા લાગી. તેવામાં કૃષ્ણે આવીને પૂછ્યું કે હે માતા ! તમે ખેદ કેમ કરો છો ? દેવકી બોલ્યાં હે વત્સ ! મારું જન્મ ફોગટ નિષ્ફળ ગયું છે કેમ કે તમે બાળપણમાં નંદને ઘેર મોટા થયા અને તમારા સિવાય છ સહોદર નાગ સાર્થવાહને ઘેર જન્મ્યાં. મેં તે સાતમાંથી એક પુત્રને પણ બાળપણમાં લાલિત કર્યો નહીં. તેથી હે વત્સ ! બાળકનું લાલનપાલન કરવાની ઇચ્છાવાળી હું પુત્રને ઇચ્છું છું. તે પશુઓને પણ ધન્ય છે કે જેઓ પોતાનાં બચ્ચાંઓ (વાછડા)ને લાલિત કરે છે.

માતાનાં આવાં વચન સાંભળી હું તમારો મનોરથ પૂર્ણ કરીશ એમ કહી કૃષ્ણે સૌધર્મ ઇન્દ્રના સેનાપતિ નૈગમેષી દેવની આરાધના કરી. દેવ પ્રસન્ન થઈને બોલ્યા હે વત્સ ! તમારી માતાને આઠમો પુત્ર થશે, પણ જ્યારે તે બુદ્ધિમાન યુવાવસ્થા પામશે ત્યારે દીક્ષા લેશે. દેવના આ પ્રમાણેના વચન સાંભળી સ્વલ્પ વખતમાં એક મહર્દ્ધિક દેવ સ્વર્ગથી આવીને દેવકીના ઉદરમાં ઉત્પન્ન થયો અને સમય આવતા પુત્રરૂપે અવતર્યો. તેનું ગજસુકુમાલ નામ પાડ્યું. તેનું શરીર કૃષ્ણ દેવ જેવું એ દેદીપ્યમાન પુત્રનું દેવકી લાલનપાલન કરવા લાગ્યા. માતાને અતિ વહાલો એવા ભગવાન સુકુમાલ કુમાર અનેના નેમિનાથ પ્રભુને નમસ્કાર કર્યો એ અનુક્રમે યૌવનવયને પામ્યો. એકદા વિષ્ણુની આજ્ઞાથી દ્રુમ રાજાની પુત્રી પ્રભાવતીને પરણ્યા. વળી સોમશર્મા બ્રાહ્મણની ક્ષત્રિયાણી સ્ત્રીથી ઉત્પન્ન થયેલી સોમા નામની કન્યાને પણ જો કે તે ઇચ્છતો ન હતો તો પણ માતા અને પિતાની

આવાથી પરણ્યો. તેવામાં શ્રી નેમિનાથ પ્રભુ ત્યાં સમવસર્યા. તેમની પાસે સોમિલ સહિત જઈને ગજસુકુમાલે શાન્તમનથી ધર્મ સાંભળ્યો. તેથી અપૂર્વ વૈરાગ્ય ઉત્પન્ન થયો અને પત્નીઓ સહિત માતાપિતાની આજ્ઞા મેળવીને તેણે પ્રભુની પાસે દીક્ષા લીધી. જ્યારે ગજસુકુમાલે દીક્ષા લીધી ત્યારે તેના વિયોગને નહિ સહન કરી શકતાં એવાં તેનાં માતાપિતાએ અને કૃષ્ણ પ્રમુખ સ્વજનોએ ઉંચે સ્વરે રુદન કર્યું.

જે દિવસે દીક્ષા લીધી તે જ દિવસે ગજસુકુમાલ મુનિ પ્રભુની આજ્ઞા લઈ સાંજ પછી સ્મશાનમાં જઈને પ્રતિમાએ ધ્યાને રહ્યા. તેવામાં કોઈક કારણે સોમશર્મા આવ્યો તેમને દીઠા. તેમને જોઈ તે સોમશર્મા (સોમિલે) વિચાર્યું કે આ ગજસુકુમાલ [illegible] આવો વિચાર કર્યા વગર વિવાહ કરવાને માટે જ એ મારી પુત્રીને પરણ્યો હતો. આમ ચિંતવી એ મહા નિર્દયબુદ્ધિવાળા સોમશર્માએ અતિ ક્રોધવાન થઈને નજીકની ચિતાના અંગારાથી ભરેલી એક માટીની ઠીબ તેના માથા ઉપર મૂકી. તેના વડે અત્યંત દહન થયાં છતાં પણ ગજસુકુમાલે સમાધિપૂર્વક તે સર્વ સહન કર્યું. તેથી એ મુનિના કર્મરૂપ ઇંધન બળીને ભસ્મ થઈ ગયાં અને તત્કાળ કેવળજ્ઞાનને પ્રાપ્ત કરી આયુષ્ય પૂર્ણ થવાથી તે મુનિ મોક્ષે ગયા.

